સુધરેલી રીત મુજબ

વર્નાક્યુલર ટેકસ્ટ બુકસ રીવિઝન કમિટીએ

—: તૈયાર કરેલી :—

પહેલી ચોપડીના અર્થ.

(જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; પાઠનો સાર; પાઠવાર અઘરા શબ્દો તથા જોડાક્ષર; ડિક્ટ; વગેરે.)

રચનાર—મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો.
રચનારનું ઠેકાણું—શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા—C. M. Shah.
પ્રસિદ્ધ કર્તાનું ઠેકાણું—શાહપોર-સુરત.

છાપનાર—નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.
છાપનારનું ઠેકાણું—શ્રી "શંકર" પ્રીન્ટીંગ પ્રેસ.
ચૌટાના પુલ ઉપર ટાંકી પાસે-સુરત.

સંવત ૧૯૮૪] કિં. રૂ. ૦-૨-૬ [સને ૧૯૨૮

મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો. કૃત.

પહેલી ચોપડીના અર્થ.

પાઠ ૧.

દિવાળી=વરસનો છેલ્લો દિવસ; આસો વદ અમાસ.

અક્ષર=હરફ, દસ્કત

નિશાળ=ભણવાનું ઠેકાણું

રજા=છુટ્ટી

છોડી=છોકરી

પાછી વળી-ફરી

ભેગી=સાથે; એકઠી

લીંપેગુંપે=છાણમટોડીની ગાર ચોપડે

ધોળે છે=ચોપડે છે; રંગે છે

સંજેરી=બારી

ઘુઘરા=ઘુઘરાના આકારનો ઘઉંનો બનાવેલો ગળ્યો પદાર્થ

સાથીઆ=ચુનાની ફાક વગેરેનાં કાઢેલાં ચિત્રો.

આંગણામાં=બારણા આગળ

લુગડાં=કપડાં

ઘરેણાં=દાગીના; જણસો

દારૂખાનું=આતશબાજી

ફોડે છે=સળગાવે છે

સૌ=બધા

ગીત=રાગથી ગાવું તે

ઘર ઘર=ઘેરેઘેર

ફટાકડા=ફટાકા

હરખાય=ખુશી થાય

સમજુતી—દિવાળીના દહાડામાં ઘેરેઘેર દીવા સળગે છે, અને ફટાકા ફટાફટ ફૂટે છે, તેથી છોકરાં ઘણાં ખૂશ થાય છે.

પાઠ ૨.

વાર=દિવસ

વિશે-બાબત

કચેરી-કોરટ

બંધ રહે છે=રજા પડે છે

રવિ=સુરજ; સૂર્ય

દેવળ=દહેરૂં

કેડે=પછી

મુસલમાન-મુસલમાની ધર્મ માનનાર

જુમેરાત=ગુરુવારની રાત

પાછો=ફરી; બીજીવાર

અઠવાડીઉં=સાત દિવસ

સમજુતી—પહેલો રવિવાર, બીજો સોમવાર, ત્રીજો મંગળવાર, ચોથો બુધવાર, પાંચમો ગુરુવાર, પછી છઠ્ઠો શુક્રવાર

આવે છે. (૧) સાતમો વાર શનિ છે, તે છેલ્લો વાર ગણાય છે; એવી રીતે સાત દહાડાનું એક અઠવાડીઉં થાય છે. (૨)

પાઠ ૩.

ફરતી=ચારે બાજુએ; આસપાસ
વાડ=કાંટાનો કે તારનો બનાવેલો આંતરો.
દરવાજો=મોટું બારણું
માંહે=અંદર
ફૂલઝાડ=ફૂલ થાય તેવા છોડ
વેલ=વેલો; ભોંયપર પથરાતો છોડ
ચોકઠું=ચારે બાજુથી જડી લીધેલું લાકડાનું ઘર
વાવટા=નિશાન; ધજા
મોગરી=ઘંટ વગાડવાની લાકડાની હથોડી
મહેતાજી=માસ્તર; ગુરુજી
બેઠક=બેસવાની જગા
કલાકની સીસી=કલાક જાણવાનું સાધન
ગામ=જ્યાં થોડાં ફળીઆં અને ઘર હોય તે
નકશો=ગામ કે દેશનો ચિત્રેલો નમુનો
ચિત્રો=છબીઓ
ટાંગેલાં=લટકાવેલાં
ઘોડી=પાટીઉં મૂકવાની બેઠક
કસરત=મહેનત કરી શરીરને મજબુત બનાવવું તે
મોટી=મટોડી
મજાની=સારી
અહીં=આ ઠેકાણે
રોજ=હમેશ; નિત્ય

પાઠ ૪.

નિશાળીઆને બોધ.

ઇશ્વર=પરમેશ્વર
નિત્ય=રોજ; હંમેશાં
પરોઢીએ=સુરજ ઊગતાં પહેલાં; મળસ્કામાં
તમામ=બધા; સઘળા
દો=આપો
માન=આબરૂ
ગુરુ=મહેતાજી
સમા=જેવા; બરાબર
જ્ઞાન=સમજણ; અક્કલ.
તજવું=છોડી દેવું; કાઢી નાખવું.
અંગ=શરીર
હળીમળીને=સંપીને
સંગ=શોબત
ચોડી=લગાડી
ચિત્ત=મન
શિક્ષા=શિખામણ; બોધ
રૂડી=સારી
રીત=ચાલ
પેર=રીત
નીસરી=નીકળી
પાંસરૂં=સીધું; રખડયા વગર

સમજુતી—હમેશાં સુરજ ઊગતાં પહેલાં ઊઠવું અને પરમેશ્વરનું નામ દેવું; પછી દાતણપાણી કરી લઇ નહાઇને બધા પાઠ તૈયાર કરવા. (૧) માબાપ કહે તેમ કરો, અને વડીલને માન આપો; મહેતાજીને બાપ જેવા ગણો, તેથી સારી સમજણ મળશે. (૨) કદી જુઠું બોલવું નહિ, અને શરીરમાંથી સુસ્તાઈ કાઢી નાખવી (મતલબ કે કામ હોંસથી કરવું અને વાર લગાડવી નહિ) બધા સાથે સંપીને ચાલવું; અને સારી સોબત રાખવી. (૩)

રોજ નિશાળે જવું અને મન લગાડીને ભણવું, મહેતાજીની શિખામણ માનવી અને સારી ચાલ રાખવી (૧) ભણતી વખતે મન રમતમાં રાખવું નહિ એ તમે સારી પેઠે સમજો. નિશાળેથી છુટયા પછી સીધા ઘેર જવું મતલબ કે રસ્તામાં રખડવું નહિ. (૨)

પાઠ ૫.

ધોતલી=પોતડી; ધોતડી
અંગરખી=ડગલી
જોડીઓ=નાના બુટ; ખાસડી
દરજી=લુગડાં શીવનાર
સુરવાલ=સાંકડા પાયચાનો લેંઘો
ફળીઉં=મહોલ્લો
કોટ=ડગલો
ઘાઘરી=નાનો ચણીઓ
ઓઢણી=છોકરીઓને ડીલે તથા માથે ઓઢવાનું ત્રણ ગજનું લુગડું

પાઠ ૬.

ચોકખાઇ=સફાઇ; સુઘડતાઇ
ચોકખા=સાફ
મેલા=ગંદા; મેલવાળા
બરાબર=સારી રીતે
ડીલ=શરીર
ગંદી=ખરાબ; ગોબી
અડાય=અડકાય
ફોલ્લો=ગુમડું; ચાંદું
ખસ=ઝીણી ફોલ્લી; ખુજળી
ધોવડાવવાં=સાફ કરાવવાં
ડાઘા=ટપકાં
વાડો=ઘરની પાછળની ખુલ્લી જગા
ગંદવાડ=ગોબરવાડ
નાથ=ધણી

કવિતા=ગાયન
આભાર=આભારી
મુખડું=મોં
દીલ=મન
જગનાથ=જગતના ધણી; પરમેશ્વર

સમજુતી—મારો ઓટલો સાફ છે, અને મારા ઘરનો ચોક પણ સાફ છે, મારા લુગડાં ચોકખા જોઇને બધા લોક મને ચોકખો કહે છે. (૧) મારૂં મોં ચોકખું છે, મારા હાથ ચોકખા છે; મારા ચોકખા (પાપ વગરના) મનમાં પરમેશ્વર બિરાજે છે. (૨)

પાઠ ૭.

વરસગાંઠ=સાલગીરી; જન્મ દિવસ
ભાવ્યાં=પસંદ પડયા; સ્વાદ લાગ્યા
ઝટ=જલદી
ભાણો=બેનનો છોકરો; ભાણેજ
કઢી=છાશમાં ચણાનો લોટ, આદુ, મરચાં, હળદર નાખી ઉકાળેલી તે
હાથ પણ અડાડયો નહિ =જરાપણ ખાધું નહિ
બીડાં=પાનમાં ચુનો, કાથો, સોપારી વગેરે મૂકી બનાવેલી પટ્ટી

પાઠ ૮.

કાકો=બાપનો ભાઇ
કાકી=કાકાની વહુ
ભત્રીજો=ભાઇનો છોકરો
મામો=માનો ભાઇ; બાપનો સાળો
મામી=મામાની વહુ
ભાણેજ=બેનનો છોકરો; ભાણો
ફોઇ=બાપની બેન
ફુઓ=ફોઇનો વર
માસી=માની બેન
માસો=માસીનો વર
પીતરાઇ=કાકાનાં છોકરાં
મોળાઇ=મામાનાં છોકરાં
મસિઆઈ=માસીનાં છોકરાં
ફોઇઆત=ફોઇનાં છોકરાં
બનેવી=બેનનો વર
સાળો=વહુનો ભાઇ
સાળી=વહુની બેન
ઓરમાન=બાપ એક ને મા જુદી જુદી હોય તે; સાવકાં
સાવકાં=ઓરમાઇ

મા એક અને બાપ જુદા જુદા હોય તે દૂધ ભાઈ કહેવાય

જમાઇ=છોકરીનો વર
વહુનાં માબાપ=છોકરાનાં સાસુ સસરો
વરનાં માબાપ=છોકરીનાં સાસુ સસરો

છોકરો કે છોકરીનો સસરો એક બીજાને વેવાઇ કહે છે. છોકરો કે છોકરીની સાસુ એક બીજાને વેવાણ કહે છે

પાઠ ૯.	પંપાળીને=હાથ ફેરવીને	ઉંઘાડવા=ઊંઘ લાવવા
મા સંબંધી કવિતા.	મુખ=મોઢું	હાલો=ઊંઘ આણવાનું ગીત
સર્વે=બધાં	દુખડાં=દુ:ખો	પેટ ભરીને=ધરાઇને
દેખી=જોઇ	મીઠા=સારા	માડી=મા
હરખાઉં=ખુશ થાઉં	કલોલ=મજા; આનંદના શબ્દો.	નવ=નહિ
ચાંપે=દબાવે	ખાવું=ખાવાનું	સૌથી=બધાં કરતાં
સાથ=સાથે	મારી જાત=મારૂં શરીર	હેત=વહાલ; પ્યાર
બોકી=બચ્ચી; ચુંબન	લગાર=જરા	અપાર=ઘણુંજ
બાથ ભીડે=બે હાથ પહોળા કરી છાતી સાથ દબાવે	તે વાર=તે વખતે	આભાર=પાડ; ઉપકાર

સમજુતી-માને જોઇને બહુ ખુશ થાઉં છું. અને દોડતો દોડતો તેની સામે જાઉં છું; મા મને લઇને છાતી સાથે દબાવે છે, બચ્ચી કરીને બે હાથ પહોળા કરીને દબાવે છે. (૧) ખોળામાં લઇને મને ધવરાવે છે, અને શરીરપર હાથ ફેરવીને ખૂશ થાય છે. મારૂં મોઢું જોઇને (મને જોઇને) હરખાય છે, અને પોતાનાં બધાં દુ:ખો ભૂલી જાય છે. પંખી આનંદથી બોલતાં હોય તેના જેવાં મારા બોલ મીઠાં લાગે છે, મા મને સારૂં સારૂં ખાવાનું આપે છે, અને મારા શરીરની બહુ સંભાળ રાખે છે. (૩) મનેજરા રડતો જાણીને તે વખતે ગભરાતી દોડી આવે છે, જો હું હસું અને રમું તો તું બહુ ખૂશ થાય છે, અને ઉંઘાડવાને માટે તું હાલરડાં ગાય છે. (૪) જો હું માંદો પડું તો તું ઓસડ પાય છે અને તું (માડી) પણ પેટ ભરીને ખાતી નથી; બધાં કરતાં તારૂં હેત ઘણુંજ છે, માટે હું તારો ઘણો પાડ માનું છું. (૫)

પાઠ ૧૦.

મોટા=મોટી ઉંમરના; વડીલ

પ્રમાણે=રીતે

પૂઠે=પાછળ

બાવાજી=બાપાજી

વખાણ=સારૂં કહેવું તે

માન=આવકાર

પાઠ ૧૧.

ઉજાણી=મીજબાની

બબ્બે=બે બે

ક્યાં=કયે ઠેકાણે

આશોપાલવ=એક જાતનું ઝાડ (એનાં પાંદડાંનાં તોરણ બને છે)

વિના=વગર

પૌંઆ=ડાંગરને પલાળી શેકી ખાંડીને બનાવે છે તે

ધાણી=જુવાર, મકાઈ, વગેરેના દાણાને શેકી બનાવે છે તે

વઘારેલાં=વઘાર દીધેલાં

ખારેકી=ખારેક જેવા

કુળ=લોટને શેકી તેમાં ઘી ખાંડ વગેરે નાખી બનાવેલું તે.

દાદી મા=બાપની કે માની મા

રાંદેરી=રાંદેરમાં થતા

શેતરંજી=જાડું સુતરાઉ બિછાનું

પાથરણું=બિછાનું

હાર=ઓળ

શાક=દુધી, વેગણ, પાપડી વગેરે

ચટણી=આદુ, મરચાં, કોથમીર, મીઠું વગેરે છુંદીને બનાવેલી તે

ખૂબ=ઘણાં

મજા=રમુજ; ગમત

પાઠ ૧૨.

પછાડી=પાછળ

સરત=હાર જીત

થોભો=ઉભા રહો

જીત્યો=ફાવ્યો

સઢ=વહાણ ચલાવવા માટે પવન ભરાવવા સારૂ બાંધેલું લુગડું

ચાલ=રીત

સુંદર=સારી

હોડી=સઢવાળો મોટો મછવો

રમત=ગમત; ખેલ

તાપ=તડકો; ગરમી

પણે=પેલે ઠેકાણે

એકઠા=ભેગા

તરફ=બાજુ

તળાવ=જેની ચારે બાજુએ જમીન અને વચમાં પાણી હોય તે

સહેલ=મજા;મોજ; ગમત

પાઠ ૧૩.

ખંડ=બૈરીની કાંચળીના કપડાંનો કસબી કકડો

કાંચળી=બૈરાંનું કાપડું

ઇનામ=સરપાવ

પરીક્ષા=તપાસણી

છાની=મુંગી; ચૂપ
ફેરો=વારૂ
નજર કરી=જોઈ
ડાહી=શાણી; સમજુ

પાઠ ૧૪.

દેડકાં=પાણીમાં રહેનાર ચોપગાં પ્રાણી
પાળ=કોરણ; કોર; કાંઠો
ફેંકાફેંકી=નાખાનાખી
ધડાધડ=ધબોધબ
માર્યા જઈએ છીએ= દુઃખી થઈએ છીએ
ખરી=સાચી
પ્રાણી=જીવ
ઈજા=દુઃખ; નુકસાન
સંભાળી=સાચવી
નુકસાન=અંગોડ
કદી=કોઈ વખત
ખેલતાં=રમતાં
હાણ=નુકસાન
ભારી=ઘણું.

સમજુતી—રમત ગમત કરતાં, કોઈ વખત પણ કોઈને નુકસાન કરવું નહિ. નઠારી રીતે રમતાં ઘણું નુકસાન થાય છે.

પાઠ ૧૫.

દયા=મહેરબાની; રહેમ
ખીજ્યા=વઢ્યા
તળે=નીચે
ઘુંદાય=ચગદાય; કચડાય
ફાંફાં=ખોટી મહેનત
ઢોર=ગાય, ભેંસ, બળદ વગેરે ઘાસ ખાનારા પશુ
ઠામના=ખપના
સંભાળ=બરદાસ
વખતસર=બરાબર વખતે
સાફ=ચોકખી
નીરવાનું=ખાવાનું
સોળ=ઝપાટાની નિશાની; લાકડીના મારથી જે લીસોટા પડે છે તે
યાદ=ફામ
ભૂલી=વીસરી
ગજા=શકિત
ઉપરાંત=વધારે

પાઠ ૧૬.

એનઘેન=રમતનું નામ છે
છુટો=બંધન વગરનો
દાવ=વારો
પહેલાં=અગાઉ
જણ=છોકરો
બંધ કર=મીંચ
બાકીના=બીજા
વાંસો=પીઠ; બરડો
વારાફરતી=એક પછી એક
દીવાઘેન=આંખ બંધ કરવી તે
સમજ્યા=જાણ્યું
સેળભેળ=એકઠા
હોશિયાર=ચાલાક
પારખી=ઓળખી
સંતાવા=છુપાવા
અડશે=અડકશે

બચીજશો=વારો આવશે નહિ
લાંબો વખત=ઘણીવાર
ઓળખ=પારખ
શાબાશ=ધન્ય
બસ=ઘણું
સાર=આ રમતથી લાગવાની ઇંદ્રિય, ધારણા શક્તિ વગેરે શક્તિ કેળવાય છે.

પાઠ ૧૭.

સાચ=સાચું; સાચી વાત
ગમ્યો=પસંદ પડ્યો
દેસાઈ=જાગીરદાર
ગાળ=ખરાબ શબ્દ
જુઠું=ખોટું
હેત=માયા; પ્યાર
વખાણ્યો=પસંદ કર્યો
દેખે=જુએ
કાપે=કાપ મૂકે
કાપ=ચીરો
ગભરાયો=અકળાયો
સાચાબોલું=ખરૂં બોલનાર

પાઠ ૧૮.

વાઘ=ફાડી ખાનારૂં ચટાપટાવાળું પ્રાણી
મશ્કરી=મજાક
પસ્તાય=દીલગીર થાય
બચ્યાં=રહ્યાં
સીમ=ખેતર
અમથી=ખોટી; જુઠી
ધાજો=દોડી આવજો
આસપાસ=આજુબાજુ
શરમાઇ=લજવાઈ
ખોટું=ખરાબ; માઠું
સાચી=ખરી
રોવા=રડવા
છેતર્યા=ઠગ્યા
વા'રે=મદદે
વા'રે ધાયા=મદદે દોડી આવ્યા
સપડાય=ફસાય
જુઠાણું=ખોટારૂં; જુઠું
આખર=છેવટ
જન=માણસ

સમજુતી-જે માણસ બીજા માણસની મજાક કરે છે તે માણસ પહેલાં કે પછી ફસાય છે; ખોટારૂં જલદી જણાઈ આવે છે, અને આખરે તે જુઠો માણસ દીલગીર થાય છે.

પાઠ ૧૯.

જુક્તિ=કળા; યુક્તિ
પોકેપોક મૂકી=મોટે સાદે ધાંટા પાડી
બચાવે=ઉગારે
આઘું=દૂર
એકેકને=દરેકને
કબુલ કરી=માની

પાઠ ૨૦.

ગરીબ=પૈસા વગરનો
અન્ન=અનાજ
ભિખારી=જેની પાસે ખાવા પીવાનું ન હોય તે; ભીખ માગનાર
ભજન=ઇશ્વરના ગુણ ગાવા તે

પુરાં=પુરતાં
આંધળો=જેને બે આંખે દેખાય નહિ તે
ભીખ=માગી ખાવું તે
પગે અપંગ=પગે ખોડ-વાળો; લુલો; લંગડો;
અપંગ=લુલો; લંગડો; આંધળો; બહેરો; ખોડવાળો
દયા=મહેરબાની; મહેર
ભગવાન=પરમેશ્વર
ભલું=સારૂં; કલ્યાણ

પાઠ ૨૧.

ઇશ્વર=પરમેશ્વર
ભજન=ગુણ ગાવા તે
ચંદ્ર=ચાંદો; ચંદ્રમા
વીસરૂં=ભૂલું
પ્રભુ નામ=પરમેશ્વરનું નામ
અગણિત=ગણાય નહિ એટલા; ઘણાજ
ઉજાસ=અજવાળું
કામ=માટે; સારૂ

ઉપયોગી=જરૂરની
હવા=પવન
દામ=પૈસો
દીએ છે=આપે છે
પાળે=પોષણ કરે
દેવા=આપવા
સરજાવી=પેદા કરી
સૌ=બધે
ઠામ=ઠેકાણે
પાન=પાંદડાં
સેવક=દાસ
હામ=હિંમત

સમજુતી—ભગવાનનું ભજન ભૂલીશ નહિ. હું કદી પણ ભગવાનનું ભજન ભૂલીશ નહિ. પરમેશ્વરે અજવાળાને માટે ચંદ્રમા, સુરજ અને ગણાય નહિ એટલા તારા બનાવ્યા છે. હું કદી પણ ભગવાનનું ભજન ભૂલીશ નહિ. (૧) ઘણી જરૂરની હવા તે તેં આપી છે. તેના કાંઈ પૈસા બેસતા નથી. હું કદી પણ૦ (૨) તું વરસાદ વડે અનાજ આપે છે અને બધા જીવોનું પોષણ કરે છે. હું કદી પણ૦ (૩) દૂધ દહીં આપવાને માટે તેં બધે ઠેકાણે ગાય અને ભેંસને પેદા કરી છે. હું કદી પણ૦ (૪) તેં ઝાડ, પાંદડાં, ફૂલ, ફળ, આંબો, ગુલાબ, બદામ વગેરે બનાવ્યાં છે. હું કદી પણ૦ (૫) તમે મહેરબાની કરી મને ઘણી વિદ્યા, સુખ અને હિંમત આપો. હું કદી પણ ભગવાનનું ભજન ભૂલીશ નહિ (૬)

પાઠ ૨૨.

અરદાર=ઉપરી
સ્વપ્નું=ઊંઘમાં આવતાં વિચાર
જંગલમાં=વનમાં
હરણી=હરણની માદા
રૂપાળું=શોભીતું
ઉપાડી=ઉંચકી
એકદમ=તરત
છલંગ=ફાળ; કુદકો
દેવતાઈ=દેવના જેવો
પુરુષ=માણસ

પાઠ ૨૩.

ઉંદરડી=ઉંદરનું બચ્ચું
રસોડું=રસોઇ કરવાની જગા; રાંધણી
ભરાઇ=સંતાઈ
ભાત=બાફેલા ચોખા
ખાવાનું=ખોરાક
સારાં=ભલાં
ઉપલા=ઉપરના
બાકું=કાણું
પોળી=બેપડવાળી રોટલી
મન=મરજી; ખુશી
મણા=ખામી; ખોટ
ઉંદરીઉં=ઉંદર પકડવાનું પાંજરૂં
ભોગજોગે=એકાએક
પાર=છેડો
વલે=હાલ; દશા
સાર=બાળકોએ મોટાની શિખામણ માનવી

પાઠ ૨૪.

કાંઠો=કિનારો
પોલ=પોલાણ
દર=કાણું; સાપ, ઉંદર, મંકોડા, કીડી વગેરેને રહેવાનું ઘર
ઝેરી=ઝેરવાળો
પંખી=પાંખવાળા જનાવર. (ચકલી, પોપટ, કાગડા વગેરે પંખી કે પક્ષી કહેવાય)
ફુંફાડા=ફૂં ફૂં નો અવાજ કરવો તે
ફેણ=સાપની પહોળી કરેલી ગરદન
છોલાઇ=ઘસાઇ
વળગીને=બાઝીને
ચટકા=ડંખ
ભોંય=જમીન
પછાડી=અફાળી
વાસ=પીમળ
પછાડા=તરફડીઆ
અંતે=આખરે; છેવટે
જોરાવર=જબરો
જીવલીધો=મારી નાખ્યો
ઝાઝા=ઘણા
નબળા=જોર વગરના
વેર=અદાવત
નાગ=ફેણવાળો સાપ
પ્રાણ=જીવ

સાર—કોઇને હલકું ગણી તિરસ્કાર કરવો નહિ, તેમજ પોતાની શક્તિ વધારે છે એમ ધારી અહંકાર કરવો નહિ.

૧૪૦૫૦ /

સમજુતી—જોર વગરના પણ ઘણા માણસ સાથે કોઇપણ દિવસ વેર કરવું નહિ; જુઓ કે આ રીતે ઘણી કીડીઓએ મળીને મોટા સાપને પણ મારી નાખ્યો.

પાઠ ૨૫.

માબાપની ચાકરી.

લુલા=લંગડા
સેવા=ચાકરી
અમાપ=ઘણીજ
કે'=કહે | ધન=પૈસા
તીરથ=જાત્રા
પારખી=જાણી
કાવડ=વાંસને બે છેડે શીકા બાંધી બનાવેલું તે
મનસુબો=વિચાર
માતાપિતા=માબાપ
તે વાર=તે વખતે
ધન ધન=વાહ વાહ
સારા=ચાકરી કરે એવા
સંતાપ=મનનું દુઃખ
જે વાર=જે વખતે;જ્યારે
આશીશ=ભલું થજો એમ કહેવું તે; દુવા
ફરજ=પોતે કરવાનું કામ
બજાવી=પુરી કરી
મહેર=મહેરબાની; દયા
લીલાલહેર=મજા; બધી વાતે સુખી

સાર=જે છોકરા માબાપ તરફ પોતાની ફરજ બજાવે છે, તેને રમત ગમત અને સુખજ મળે છે.

સમજુતી—માધવના માબાપ ઘરડાં, લુલાં, આંધળાં અને ગરીબ હતાં, તેઓની માધવ ઘણીજ ચાકરી કરતો હતો. (૧) માધવને એનાં માબાપે કહ્યું કે અમારા મનની વાત સાંભળ. જો અમારી પાસે પૈસા અને આંખો હોત તો જાત્રા કરવા જાત. (૨) માબાપનું મન પારખી લઇને તેણે તેમને સુખી કરવાનું ધાર્યું. જો હું કાવડમાં બેસાડી જાત્રા કરાવું તો એમનું દુઃખ મટે. (૩) એવો વિચાર કરીને કાવડ બનાવી અને માબાપને બે બાજુએ બેસાડયાં, (૪) પછી ખાંધે કાવડ ભેરવીને જાત્રા કરવા ગયો, માધવના આ હેતથી બધાને નવાઈ લાગી. (૫) આવા છોકરાને શાબાશ છે, અને માબાપને પણ

ધન્ય છે; જો છોકરા સારા હોય તો કંઈ દુઃખ રહે નહિ. (૬) બધી જાત્રા કરાવીને જ્યારે તે ઘેર ગયો ત્યારે માબાપ ખુશી થયાં; અને ઘણીજ દુવા દીધી (૭) છોકરાએ પોતાની ફરજ બજાવી (પોતાને જે કામ કરવાનું હતું તે કર્યું) તેથી પરમેશ્વરે મહેરબાની કરી. જે માબાપને સુખ આપે, તેને બધી વાતે સુખ થાય છે. (૮)

પાઠ ૨૬.	પાછી=બીજીવાર; ફરીને	કઠણ=અઘરૂં
ચતુરાઈ=હોશિયારી	મટાડી=દૂર કરી	જલદી=થોડીવારમાં
કુંજો=ભોટવો	નાચતો=કૂદતો	પાર મુકાય=પુરૂં થાય
આમતેમ=આજુબાજુ	છુપાઈ=સંતાઈ	સાર—અક્કલ અને
ફાંફાં=ખોટી મહેનત	કાજે=માટે; સારૂ	ધીરજથી જેવું કામ
ઉપાય=ઇલાજ	કંકર=કાંકરા	થાય છે, તેવું ફાંફાં
સૂઝી આવ્યો=જડયો	ધીરજ=સબુરી	મારવાથી થતું નથી.

સમજુતી—ભોટવામાંનું ઉંડું પાણી ઉપર લાવવા માટે કાગડાએ કાંકરા નાખ્યા, તેથી પાણી ઉપર આવ્યું. તે આજ પીધું. (૧) સબુરી ને ડહાપણથી અઘરૂં કામ હોય છે તે પણ થોડીવારમાં પુરૂં થાય છે; માટે ભલે તમે બધા કરી જુઓ. (૨)

પાઠ ૨૭.	માના બાપ	બચ્ચી=બોકી; ચુંબન
કાપણી=અનાજ ઘાસ વગેરે કાપવાનું કામ	સાદ=અવાજ	ભાથું=ખાવાનું
આથમતા=આથમી	મલકાવી=હસવા જેવુંકરી	તાજા=કામ કરવાની
વઢાઈ=કપાઈ [જતા	બેટા=દીકરા	શકિતવાળા
દાદાજી=બાપના બાપ;	બાથમાં=બે હાથની વચમાં	ઉનો=ગરમ

આખણ=દહીંને વલોવવાથી છાશના ઉપર જે ધોળો ને હલકો ચીકણો પદાર્થ તરી આવે છે તે
વંતાક=વેગણ
દહાડીઆ=રોજથી મજુરી કરનારા
ભાણ=સુરજ
ભાણબૂડે=સુરજ આથમે
દાતરડું=અનાજ, ઘાસ વગેરે કાપવાનું લોઢાનું વાંકું હથિયાર
ચાસ=ખેતરમાં હળે કરી પાડેલા આડા ઉભા લીસોટા
ચચ્ચાર=ચાર ચાર
દહાડો આથમે=સાંજે
સાર-ખેડુતનો ખોરાક સાદો છે, પણ તેઓ મહેનતુ હોવાથી ઘણા મજબુત હોય છે, માટે આપણે મહેનત કરવી.

પાઠ ૨૮.

ખળાં=ખળીઓ
પાથરા=કાપીને ભોંયપર નાખેલા છોડ
ખળી=કણુસલામાંથી દાણા છુટા પાડવા માટે લીપી ચોકખી કરેલી જગા.
ભોર=ઢગલો
ઠાલવ્યો=ખાલી કીધો
હાલરાને=બળદની હારને
હાલરૂ=ઉંબીમાંથી ઘઉં અને છોડા છુટા પાડવા માટે તેના ઢગલા પર બળદ જોડેલું ગાડું ફેરવવામાં આવે છે તે
પગર=કણુસલામાંથી દાણા છુટા પાડવા માટે તેનાપર ઢોરોને ચલાવે છે તે
પગર ફેરવતી હતી=બળદને ફેરવી તેના પગ વડે ઉંચી કચરાવતી હતી
પટલાણી=પટેલની બૈરી
ઉપણી=ઝાટકી
કુંવળ=ઘઉંનું ઘાસ
કારભાર=કામકાજ
હરખ=આનંદ; ખુશાલી
હરખ માતો ન હતો=ઘણીજ ખુશી થતી હતી
હોંસીલી=ઉમંગી

પાઠ ૨૯.

ખેતરમાં કણુસલાં ઘાસ વગેરે કાપવાનું કામ.

કાપણી=કાપવાનું કામ
આમ=આ તરફ
ઉમગે=હોંસથી
બાર માસ=એક વરસ
માસ=મહીનો
પીરસીને=મૂકીને
સંપે=એક બીજા સાથે
સદાય=હંમેશ; નિત્ય
ઉભરાયો=ઘણો થયો
સુંદર=સારો

ફાલ=પાક	કણુસલાં	હામ=હિંમત
લઈએ=છોડપરથી લઈ લઈએ	આમ=આવી રીતે	લણુણી=લણુવાનું કામ
ખંત ધરી=કાળજી રાખી	ખળાં=કણુસલામાંથી અનાજ છુટું પાડવાની જગા; મોટી ખળી	કોળી-બાચકો; નાની પુળી
કાં=શા માટે		આ પાસ=આ બાજુ
ડુંડાં=જુવાર, બાજરીના	હૈયે=મનમાં; હૈયામાં	વાળુ=રાતનું જમવાનું

સમજુતી-હે બાળકો તમે બધા આમ આવો; આપણે હોંસથી કાપણીનું કામ કરીએ, જુઓ, પેલી વાદળીઓ વરસીને ચાલી જાય છે એ બાર મહીનાનું અનાજ આપે છે, ને હમેશાં એક બીજા સાથેજ રહેછે. હે બાળકો૦ (૧) ખેતરમાં કેવો સારો પાક થયો છે, ચાલો આપણે કાળજી રાખીને કાપી લઈએ શું કરવા કાલ કરીએ? વાર લગાડીએ? હે બાળકો૦ (૨) હાથમાં દાતરડું વાંકું લઈને આ પ્રમાણે કણુસલાં કાપો; અને તેનો ખળીમાં લઈને ઢગલો કરતાં મનમાં હિંમત રાખો. હે બાળકો૦ (૩) અનાંજ લણુવાનું કામ પુરૂં થયું. હવે બધાએ ઘાસ કાપો, અને ઘાસના ચાર બાચકા લઈને આ બાજુએ મૂકો. હે બાળકો૦ (૪) આપણે પૂળા બાંધી ગાડામાં નાખી કામ પુરૂં કરીએ, પછી ઘેર જઈને વાળુ કરીને બધાએ પરમેશ્વરનું ભજન કરીએ. હે બાળકો૦ (૫)

પાઠ ૩૦.	આ વાર=આ વખત	છુટું=જાદું
ખળાં=કણુસલામાંથી અનાજ છુટું પાડવાની જગા; ખળીઓ	દીસે=દેખાય	સરસ=સારા
	તૈયાર=કણુસલાંથી ભરેલાં	પિલાય=કચડાય
	અનાજ=દાણા	કણુ=અનાજના દાણા

ઉપણીએ=ઝાટકીએ
ફુંસાં=ફોતરાં; છોડાં
કોથળા=ગુણો
સાથ=સાથે
હાથોહાથ=એક બીજાની મદદથી
ખેડુત=ખેતી કરનાર
મહેનત=મજુરી
ફળ=ફાયદો; લાભ

સમજુતી—હે છોકરાઓ હમણા આમ આવો. જુઓ ખળીમાં તૈયાર દેખાય છે; ચાલો આપણે આજે ફુંડાંમાં રહેલા અનાજના દાણા જુદા પાડીએ. (૧) જેમ બળદો ગોળ ફરતા હોય તેમ આપણે સૌ ફરીએ, જો ફુંડાં સારી પેઠે કચડાય તો તેમાંથી અનાજના દાણા તરત જુદા પડે. (૨) આવી રીતે બધું અનાજ આપણે ટોપલામાં ભરીએ અને ઝાટકીએ જુઓ ફોતરાં ઊડી જાય છે, ને બધા દાણા નીચે વેરાય છે. (૩) આપણે સાથે કોથળીઓ લઈ તેમાં આવી રીતે હાથોહાથ અનાજ ભરીએ. જો આપણે ખેડુતનું કામ કરીએ તો આપણને આજે મજુરીનું ફળ મળે. (૪)

પાઠ ૩૧.

ચંદ્રમા=ચાંદો
મેદાન=ખુલ્લી સપાટ જમીન
નીચે ઉતરી ગયો હતો=દેખાતો બંધ થયો હતો
આથમે=દેખાતો બંધ થાય
બપોર=દહાડાના બાર વાગતાનો વખત
રાત=સુરજ આથમ્યા પછી તે પાછો ઊગે ત્યાં સુધીનો વખત
અજવાળું=ઉજાસ
ઝાંખો=તેજ વગરનો
ઝગઝગે=ચળકે

પાઠ ૩૨ ભાગ ૧.

ઓટલો=ઘરને લગતો ચોતરો.
ઢંકાઇ=દબાઇ; છુપાઇ
ફોરાં=છાંટા; ટીપાં
જરૂર=ખપ; ઉપયોગ
પાલો=કુમળાં પાંદડાંનો જથો
બા=બીઆં
પોચી=નરમ
હમણાં=હાલ; આ વખત
તળાવ=પાણી ભરાઇ રહે તેવો મોટો ખાડો
નદી=મીઠા પાણીનો

વહેતો મોટો વહેળો
પવન=વા, વાયરો

પાઠ ૩૨ ભાગ ૨.

થોભ્યાં=અટક્યાં
ચોકખી=સાફ
ગામડું=નાનું ગામ
છોડી=મૂકી
રેલો=પ્રવાહી પદાર્થનું વહેવું તે
રેલમરેલા=ચારે તરફ રેલા નીકળવા તે
બિચારા=બાપડા
પછડાતા=અફળાતા
તણાઇ=ખેંચાઇ
ઘેબરીઓ=ઘેબરના જેવો મીઠો
પરસાદ=ખાવાનું
કારેલું=એક જાતનું કડવું શાક
નેવલે=નેવાંએ

સમજુતી—હે વરસાદ ! તું આવ, જેથી કરીને અમને ઘેબરના જેવું મીઠું ખાવાનું, ઉની ઉની રોટલી ને કારેલાંનું શાક મળે. હે વરસાદ તું ઘણો આવ, કે જેથી નેવામાં પાણી આવે અને નઠારો છોકરીને દેડકાં ખેંચી જાય.

પાઠ ૩૩.

રેતી=પથ્થરનો ઝીણો ભુકો
ભુકો=ઝીણી રજ
મટોડું=માટી
ડહોળું=માટીવાળું
નીતર્યું=મેલ વગરનું; ચોકખું
ધારવાળું=અણીવાળું
તાણી=ખેંચી; ઘસડી
ખરે છે=છુટી પડે છે
તળીએ=નીચે
રસ્તો=માર્ગ; વાટ
ચૂસી=શોષી

પાઠ ૩૪.

ભઠ્ઠી=મોટો ચુલો
સીંચ્યા=ગોઠવ્યા
ઇંટવાડો=ઇંટ પાડવા તથા પકવવાની જગ્યા
કઠણ=સખત
પછાડવાથી=અફાળવાથી
ચીકણી=ચિકાશવાળી (ચિકાશ ત્રણ જાતની હોય છે (૧) હાથે ચોંટે એવી (૨) ડાઘા પડે એવી (૩) તાણતાં તૂટે નહિ એવી)
કાણાં=બાકાં
કણક=ઘઉંનો કેળવેલો લોટ
ઘાટ=આકાર
ઘડો=ગાગરથી નાનું વાસણ; દોરીઓ
ગાગર=ઘડાથી મોટું વાસણ
કોઠી=અનાજ ભરી મૂકવાની માટીની બરણી

કોડીઆાં=દીવા કરવાનાં માટીનાં ચલાણાં.

ફરતી=ચોગરદમ; બધી તરફ

પાઠ ૩૫.

ધાતુઓ=ખનીજ પદાર્થો; (ધાતુમાં ચાર ગુણો ખાસ છે. (૧) ધાતુના કણો ચળકતા હોય છે. (૨) ધાતુઓ ભારે હોય છે. (૩) જમીનપર પડતા ધાતુનો અવાજ થાય છે. (૪) ધાતુમાં ગરમી વહી શકે છે.

લુહાર=લોઢાનો ઘાટ બનાવનાર

ધમણ=દેવતા ફુંકવાનો સંચો

સળીઓ=ગજીઓ

ખબ=ઘણો

લાલચોળ=ઘણોજ લાલ

એરણ=સોની, લુહાર વગેરે જે પર મૂકી ટીપે છે તે

હથોડો=ધાતુઓ ટીપવાનું લોઢાનું ઓજાર; મોટી હથોડી

ટીપ્યો=ઘડ્યો

જંતરડો=તાર ખેંચવાનું હથિયાર

સોનું=પીળા રંગની કીમતી ધાતુ

રૂપું=ધોળા રંગની કીમતી ધાતુ

પિત્તળ=જસત અને તાંબાની મેળવણીથી બનેલી પીળા રંગની ધાતુ

તાંબું=લાલ રંગની ધાતુ

કલાઇ=ધોળા રંગની ધાતુ (એ રૂપા કરતાં નરમ હોય છે)

સીસું=ધોળા મેલા રંગની ધાતુ

સોનું, રૂપું, તાંબું, લોઢું, સીસું, જસત, કલાઇ, અને પિત્તળ એ ધાતુઓનું ઓળખાણ કરાવવું અને તેનો તફાવત સમજાવવો.

પાઠ ૩૬.

નાણું=ચલણી સિક્કો

શેઠ=શાહુકાર

પૈસો=ત્રણ પાઇની કિંમતનો તાંબાનો સિક્કો; સવાકો; દોઢીઉં

ઢબુ=બે સવાકાની કિંમતનો તાંબાનો સિક્કો; બે સવાકા; અઢીકો

અધેલો=અડધો પૈસો; દોઢપાઇ; દોઢપાઇની કિંમતનો તાંબાનો સિક્કો

રૂપીઓ=સોળ આનાની કિંમતનો રૂપાનો સિક્કો

અડધો=આઠ આનાની કિંમતનો રૂપાનો સિક્કો
પાવલી=ચાર આનાની કિંમતનો રૂપાનો કે નીકલનો સિક્કો
બેઆની=બે આનાની કિંમતનો રૂપાનો કે નીકલનો સિક્કો

મહોર=પંદર રૂપીઆની કિંમતનો સોનાનો સિક્કો; ગેણી
આની=ચાર સવાકાની કિંમતનો નીકલનો સિક્કો
વટાવ્યા=છુટા પૈસા લીધા
૧૫ રૂપીઆ=એક ગેણી; મહોર

૨ અડધા=૧ રૂપીઓ
૪ પાવલી=૧ રૂપીઓ
૮ બેઆની=૧ રૂપીઓ
૧૬ આના=૧ રૂપીઓ
૩૨ ઢબુ=૧ રૂપીઓ
૬૪ સવાકા=૧ રૂપીઓ
૧૨૮ દોઢપાઈ=૧ રૂપીઓ
૧૯૨ પાઈ=૧ રૂપીઓ

સૂચના—નાણાંની વાત પહેલા ધોરણના "મુખગણિત શિક્ષક"માં જુઓ.

ટીપ—પૈસાને કાઠિઆવાડમાં કાવડીઉં; ગુજરાતમાં જઈ; સુરતમાં સવાકો અને મુંબઈમાં દોઢીઉં કહે છે.

પાઠ ૩૭.

કુહાડી=લાકડા ફાડવાનું લોઢાનું ઓજાર
સોય=લુગડાં સીવવાનું લોઢાનું ઓજાર.
લક્કડફોડા=લાકડા ફાડનાર
તકરાર=રકઝક; વઢવાડ
ધાર=અણીદાર કોર
ચીરૂં=ફાડું
મુદર=કુહાડીના માથા પરનો ભાગ; કુહાડીનો ઉપલો ભાગ
તોલે=બરાબર
નાકું=કાણું
અણી=તીણો ભાગ
ચળકાટ=ઝળકાટ
મોટાઈ=વડાઈ
કોદાળી=જમીન ખોદવાનું લોઢાનું ઓજાર
વઢી=લઢી
દીકરી=છોકરી
પેદા થયા=નીકળ્યા

સાર—આ દુનિયામાં બધી વસ્તુઓ ઉપયોગી છે; માટે કોઈએ બડાઈ મારવી નહિ

પાઠ ૩૮.

વાડી=ફૂલ ફળવાળી જગો; નાનો બાગ
માળી=ફૂલ વેચનાર;

છોડ ઉછેરનાર
ફૂલઝાડ=ફૂલ થાય તેવા ઝાડ અથવા છોડ
ક્યારા=આસપાસ પાળ કરેલી હોય એવી જગા
ચોરસ=ચાર ખુણાવાળો આકાર
ગલગોટા=એક જાતનું લાલ, પીળા રંગનું ફૂલ
ફૂળે છે=ફળ આપે છે.
દાડમ=દાડમડીનું ફળ
જમરૂખી=જમરૂખનું ઝાડ
પક્ષી=પંખી
ડાળી=થડમાંથી નીકળેલો ફાંટો
લાંબી ગોળ=લંબગોળ
મધપુડો=મધમાખીને રહેવાનું ઘર
મધમાખી=મધ બનાવનારી માખી
મધ=મધમાખીએ ફૂલમાંથી ચૂસેલો રસ

કોસ=કુવામાંથી પાણી કાઢવાનો ચામડાનો કોથળો
આવ્યો રામ=કોસ ઉપર આવ્યો
થાળું=કુવાના મથાળા પર પાણી ભરવાને ઢાળ પડતું બાંધેલું તે
લલકારતો=લહેકારી બૂમો પાડતો
નીક=પાણી જવાનો રસ્તો
લીલાંછમ=ઘણુંાંજ લીલા

પાઠ ૩૯.

છોડવા=નાના છોડ
ઉખેડી=મૂળમાંથી ખેંચી
મુળીઉં=મૂળ
દાંડી=ડાળી
કળી=ખીલ્યા વગરનું ફૂલ
જીવતા=જીવવાળા
પથરાય=ફેલાય
વેલા=ભોંયપર પથરાતા છોડ

પાઠ ૪૦.

આંબો=કેરીનું ઝાડ
ફુટેલા=નીકળેલા
ટટાર=સીધા
છાલ=ઝાડની ચામડી
મેજ=ટેબલ

પાઠ ૪૧.

ગલકી=ગલકાનો વેલો
વળગી=બાઝી
છાપરૂં=ઘરનો ઉપરનો ભાગ જે પર નળીઆં હોય તે
વીંટળાઇ=લપેટાઇ
આરીઆના=ચીભડાના
દોરડી=દોરી
અંતરે=છેટે
ગાંડા=ગાંઠ

પાઠ ૪૨.

કેરી=આંબાનું ફળ
મોર=આંબા આમલીના ઝીણાં ફૂલ
ભાર=વજન
નીચી નમતી=લચીજતી
ગોટલો=આંબાનું બી

ગોટલી=આંબાના બીનું ઢાંકણું
ચોળજે=દાબી દાબીને પોચી કરજે
ભગવાને=પરમેશ્વરે
જતન=સંભાળ
ઢીલો=પોચો
ઢીટું=ઢીચું

પાઠ ૪૩.

ધીમે=હળવે
હીંડે=ચાલે
ભસતો=ભોં ભોં કરતો
સામી થાય છે=લડવાને તૈયાર થાય છે.
અમળાઇને=વળખાઇને; થરડાઇને
જડબાં=ડાચાં
વાગોળવું=ખાધેલું પાછું મોંમાં લાવી ચાવવું તે
નિરાંતે=સુખે; નચિંતે
ઉપાડે=ઉંચકે
ખરી=ગાય, ભેંસ વગેરેના પગના તળીઆનું હાડકું
ફાટ=ચીરો
ખાડા=ખાબોચીઆ
જોરાવર=જબરી
વગડાઉ=જંગલી; જંગલમાં રહેનારી
પુરી પડે=હંફાવે; બર આવે

પાઠ ૪૪.

લાગ=દાવ; વખત
ટોળામાંથી=જથામાંથી
છટકી=નાસી
ડુંગરા=નાના ટેકરા
ચારો=લીલું ઘાસ
માંડી=ગોઠવી; મૂકી
ઠરતી=શોભતી
કુદકો=છલંગ; ફાળ
ચન્તુપાટ=બરાબર ચન્તુ
ભરવાડ=ઘેટાં, બકરાં ચરાવનાર
ફેર=ફરક; તફાવત
મજબુત=જોરાવર
ઓછા=થોડા
ઊન=ઘેટાના વાળ

પાઠ ૪૫.

મીઠું=મિઠાશવાળું
ગુણ=ફાયદો
ઠંડું=ટાઢું
ઉનું=ગરમ
બગડી જાય=ફાટી જાય
ચોકખું=મેલ વગરનું; માંજેલું
આંચળ=થાન
મેલ=કચરો
દાણો=અડદ, ગુવાર વગેરે
જણસો=વસ્તુઓ; ચીજો
છાશ=દહીંમાં પાણી નાખી વલોવવાથી બને છે તે
તાવીને=ગરમ કરીને
શિખંડ=દહીંમાં ખાંડ નાખી છણવાથી બને છે તે
લોચો=લચકો
માવો=દૂધને બાળી બાળીને લોચા જેવું કરેલું તે

પેંડા=માવામાં ખુરૂં નાખી ગોળી બનાવેલી તે
તર=મલાઇ
દૂધપાક=દૂધને ઉકાળી ખાંડ, ચોખા નાખી બનાવેલો તે
બાસુદી=માવો થતાં પહેલાં ખુરૂં નાખી બનાવેલો પદાર્થ

પાઠ ૪૬.

પ્રાણી=જેને જીવ છે અને જે અહીંથી તહીં ફરી હરી શકે છે તે
છેલ્લી=છેવટની
ડાઘીઓ=કુતરાનું નામ છે
સભા=મંડળી; ટોળી
ઉપરી=મોટો; વડો
ઠરાવ્યો=નકકી કર્યો
ટીપુ=કુતરાનું નામ છે
ચાલાક=હોશિયાર; ચંચળ
કારકુન=લખવાનું કામ કરનાર
ચુપચુપ=મુંગાં
અંતે=આખરે
ગંધ=વાસ
શિઆળ=ઝાડી ખાનારૂં કુતરા જેવું જનાવર
રીઝે=ખૂશ થાય
માંસ=ગોસ
અણીવાળા=તીણા
દાઢ=એવડા દાંત
કરકરા=ખરછટ
ફુટતો=બહાર નીકળતો
ધણી=માલીક
જે=જય; ફતેહ

પાઠ ૪૭.

ચાંચ=પક્ષીનું મો
સમડી=એક જાતનું પક્ષી
કબુતર=એક જાતનું પક્ષી
કીડા=પેટે ચાલનાર જીવડાં
જીવડાં=જંતુ; નાના જીવ
માળા=પક્ષીનાં ઘર
બતક=સફેદ રંગનું પ્રાણી તથા જમીન પર રહેનાર પક્ષી
જળકુકડી=પાણીમાં રહેનાર કુકડી

પાઠ ૪૮.

પાંજરૂં=પીંજરૂં
ભૂખ્યો=ખાધા વિનાનો
તરબુચ=એક જાતનું ફળ
કુકડો=ટુકડો
કા કા=કાગડાનું બોલવું તે
જીવજંતુ=નાનાં જીવડાં
કોહેલું=સળી ગએલું; બગડી ગએલું;
સડેલું=સડી ગએલું; જીવડાં પડેલું
લાલ=રાતી
છેડેથી=નાકેથી
ભાવ્યું=પસંદ પડયું
કુદતો=કુદકા મારતો
ચોક=ઘરની વચમાંની છાપરા ખુલ્લી જગા

પાઠ ૪૯.

રકાબી=તાસક
હુલાવ્યું=એક રસ કર્યું
વાહ=શાબાશ

નારંગી રંગ=નારંગીના જેવો રંગ
સરખે ભાગે=બરાબર

પાઠ ૫૦.

પારણું=લાકડાના ચોકઠાનું ઘોડીઉં
ઝોળી=ચાર છેડા બાંધી લઇ વચમાંથી ઝુલતો રાખેલો લુગડાનો કકડો
પાસુ=બાજુ
પાંગરા=ઝોળીને ભેરવવાની લાકડીઓ
દોયણાં=ઝોળી બાંધવાની દોરી
ઝાપટી=ખંખેરી
થાંભ=ઘોડીઆની વચમાંનો આડો થાંભલો
ભેરવ=વળગાડ
ભમરી=લાકડાની ફુદડી; ચકરડી
પાયા=પગ
પોચી=સુંવાળી; નરમ; ખૂંચે નહિ એવી
ગોદડી=નાનું ગોદડું
હીર=રેશમ
ઝુલાવવા=હલાવવા
હાલરડું=બાળકને ઉંઘાડવાનું ગીત; હાલો
ધુમણુ=પારણા કે ઘોડીઆમાં સુવાડીને ગાતાં ગાતાં દોરી ખેંચી હીંચકા નાખવા તે
ગીતે ધુમણુ ઘાલું=હાલરડાં ગાઇ હીંચકા નાખું
રંગીત=રંગીલો
પોઢો=સૂઓ
હેતે=વહાલથી
ઝુલાવું=હીંચકા નાખું
પધારવું=બેસાડું
ચીતરેલ=ચીતરેલી
પઢાવું=શીખવું; ભણાવું
મોરલો=મેર
મઢાવું=જડાવું
મખમલ=એક જાતનું સુંવાળું કપડું
તળાઇ=ગાદલું; ગદેલો
તાજી=નવી
ચિનાઇ=ચીન દેશમાં બનેલી
સેજે=પથારીએ
બિછાવું=પાથરું
હીચોળું=હીંચકા નાખું
ઘેરાંઘેરાં=મધુરાં મધુરાં
લાડકડા=લાડકા; વહાલા

સમજુતી—હાલરડું વહાલું લાગે છે. હો મારા ભાઇને (છોકરાને) હાલરડું વહાલું લાગે છે; તેથી હું ગીત ગાતાં ગાતાં દોરી ખેંચીને હીંચકા નાખું. હે રસીલા તમે રંગીલા પારણામાં સૂઇ જાઓ, તો હું તમને ઘણા હેતથી હીંચકા નાખું. ભાઇને પારણે ભમરીઓ જડાવું અને પુતળીઓ બેસાડું, ભાઇને

હાલરડું વહાલું લાગે છે. (૧) પારણું ચીતરેલી ચાંચની ચકલી અને ભણુતો હોય તેવી રીતે પોપટ બેસાડું; ભાઈ તારે સારી રીતે રમવા માટે મોરને સોનાથી જડાવું. ભાઇને હાલરડું વહાલું લાગે છે. (૩) મારા વહાલા ભાઇ, હું પારણું રેશમની દોરી બાંધી તને હીંચકો નાખું અને તને ઊંઘ આવે એવાં મીઠાં ગીત ગાઉં; હે લાડકડા ભાઇ તમે ઊંઘીને ઊઠશો ત્યારે તમારા ગજવામાં ખાવાનું ઘાલીશ. (મતલબ કે ઉંઘીને ઊઠયા પછી તને ખાવાનું આપીશ) ભાઇને હાલરડું વહાલું લાગે છે. (૪)

ડ્રિલ માટે સૂચના.

૧. છોકરાને ઉંચાઇના પ્રમાણમાં સીધી હારમાં એકેક હાથને છેટે, બે પગ વચ્ચે ૪૫ અંશનો ખુણો રહે એવી રીતે ઉભા રાખવા, પછી નંબર આપવા.

૨. નંબર બોલતી વખત દરેક છોકરો પોતાની નીચેના છોકરા તરફ મોં કરી નંબર બોલે.

૩. શિક્ષકની સામે ઉભેલી હારના છોકરાઓએ પોતાના જમણા હાથ તરફથી એટલે શિક્ષકના ડાબા હાથ તરફથી નંબર બોલવાની શરૂઆત કરવી.

૪. આગળ કે પાછળ ખસવામાં પ્રથમ ડાબો પગ ઉપાડવો.

૫. એક હારની બે હાર કરવાની રીત નીચે પ્રમાણે.

૧. છોકરાઓને એક, બે; એક, બે; એ પ્રમાણે નંબર આપવા.
૨. બેકી નંબરે એક ડગલું આગળ.
૩. બેકી નંબરે એક ડગલું જમણી તરફ. આમુજબ હુકમ કરવો.

૬. એક હારની ત્રણ હાર કરવાની રીત નીચે પ્રમાણે.
૧. છોકરાઓને એક, બે, ત્રણ; એક, બે, ત્રણ; એ પ્રમાણે નંબર આપવા
૨. એક નંબરવાળા એક ડગલું આગળ.
૩. ત્રણ નંબરવાળા એક ડગલું પાછળ.
૪. એક નંબરવાળા એક ડગલું ડાબી તરફ.
૫. ત્રણ નંબરવાળા એક ડગલું જમણી તરફ.

૭. ડમ્બેલ્સ, કડાં, બારબેલ્સ, વગેરે વહેંચવાની રીત નીચે મુજબ.
૧. દરેક હારના છેલ્લા નંબર પાસે ડમ્બેલ્સો મૂકવા પછી છેલ્લા નંબરે બે ડમ્બેલ્સ બે હાથમાં લઇ પોતાની ઉપરના છોકરાને આપવા એ પ્રમાણે દરેક છોકરા પાસે બબ્બે ડમ્બેલ્સ થશે.
૨. ડમ્બેલ્સ ભોંયપર સામા સીધી હારમાં ઉભા મુકાવવા. ડમ્બેલ્સ વચ્ચે એક વેંતનું અંતર રખાવવું.
૩. ડમ્બેલ્સ મુઠ્ઠીમાં જોરથી દાબીને પકડાવવા.
૪. રમતો આંગબ્બાર સુધી કરાવી બારે ડમ્બેલ્સ પહેલાં મૂકેલા હતા તે પ્રમાણે મુકાવી દેવડાવવા.

૫. એકની કૃતિ પ્રમાણે ૩, ૫, ૭, ૯, ૧૧ની કૃતિ કરાવવી.
૬. બેની કૃતિ પ્રમાણે ૪, ૬, ૮, ૧૦ ની કૃતિ કરાવવી.
૭. રમતો પહેલ વહેલી શિક્ષકે જાતે કરી બતાવવી.
૮. સારો મહાવરો થયા પછી છોકરાઓને પોતાની મેળે બોલીને કરવા કહેવું.
૯. એક રમત બરાબર સફાઈથી ને સાથે કરતાં આવડ્યા સિવાય બીજી રમત શીખવવી નહિ.
૧૦. દરેક રમત કરાવતાં પહેલાં "તૈયાર" અને "ચાલો" એવા હુકમ આપવા.
૧૧. "તૈયાર" કહેતાંની સાથે છોકરાંઓએ ડમ્બેલ્સ લેવાને તૈયાર થઈ રહેવું.
૧૨. "ચાલો" ના હુકમની સાથે ડમ્બેલ્સ લઈ હાથ સીધા લટકતા રાખી ઉભા રહેવું.

ડમ્બેલ્સની ડ્રિલ.

હેતુ—છાતી તથા હાથના સ્નાયુ ખીલવવાનો.

રમત ૧ લી-(૧) બેઉ હાથ ઉંચા. (૨) બેઉ હાથ નીચા.

રમત ૨ જી-(૧) જમણો હાથ ઉંચો, ડાબો હાથ લટકતોજ રહેવા દેવો. (૨) એકથી ઉલટું.

રમત ૩ જી-(૧) બેઉ હાથ ઉંચા. (૨) બેઉ હાથ ખભાની સીધી લીટીમાં (મુઠ્ઠીઓ આકાશ તરફ)

રમત ૪ થી-(૧) બેઉ હાથ સામા (મુઠ્ઠીઓ આકાશ તરફ) (૨) બેઉ હાથ ખભાની સીધી લીટીમાં (મુઠ્ઠીઓ આકાશ તરફ.)

રમત ૫ મી-(૧) બેઉ હાથ ખભાની સીધી લીટીમાં (મુઠીઓ આકાશ તરફ) (૨) બેઉ હાથ કોણીમાંથી વાળી મુઠીઓ ખભાને અડકાવવી.

રમત ૬ ઠ્ઠી-(૧) બેઉ હાથ સામા મુઠીઓ આકાશ તરફ. (૨) બેઉ હાથ કોણીમાંથી વાળી મુઠીઓ ખભાને અડકાવવી.

રમત ૭ મી-પગ વચ્ચે એક ફુટનું અંતર રખાવવું (૧) બેઉ હાથ જમણી તરફ તીરકસ લંબાવવા (ડમ્બેલ્સ ઉભા રહે એવી રીતે) આ વખતે ડાબા પગની એડી ઉંચી કરવી. (૨) એકથી ઉલટું.

રમત ૮ મી-(૧)જમણો હાથ જમણી તરફ તીરકસ લંબાવવો. અને ડાબા હાથની મુઠી છાતી આગળ (જમણો હાથ અને ડાબો હાથ તીરકસ લીટીમાં રહે તે પ્રમાણે) (૨) એકથી ઉલટું.

રમત ૯ મી-(પગ પહેલાં હતાં તેમ) (૧) જમણો હાથ સામો ડમ્બેલ્સ ઉભો રાખવો. ડાબો હાથ પીઠગમ પાછળ ખેંચવો. (૨) એકથી ઉલટું.

રમત ૧૦મી-(૧) બેઉ હાથ સામા (ડમ્બેલ્સ ઉભા રાખવા) (૨) બેઉ હાથ પાછળ પીઠગમ ખેંચવા, (મુઠી છાતીના પાસાને અડકેલી રહે એવી રીતે રાખવી.)

પાઠવાર અઘરા શબ્દો તથા જોડાક્ષર.

દિવાળી	અઠવાડીઉં	નિત્ય	નહિ	મસીઆઈ
અક્ષર	રહ્યો	દાતણ	ફોલ્લા	ફૂવભાઈ
ઊઠયાં	પાટીઉં	નાહ્યા	ધોવડાવવાં	સાસુ
નિશાળ	ફૂલઝાડ	કહ્યું	ગંદવાડ	સર્વે
સઘળાં	ઘંટ	જૂઠું	કવિતા	દુખડાં
લીંપેગુંપે	એકડ	શિક્ષા	દીલમાં	ભૂલી
સાથીઓ	સીસી	ટોપી	વરસગાંઠ	ખૂશી
લુગડાં	ચિત્રો	ધોતલી	ભાવ્યો	ઉઘાડવાને
દારૂખાનું	ટાંગેલાં	અંગરખી	કર્યો	ઓસડ
ફૂટાકડા	લખોટાનું	લેંઘી	કયારે	ત્યાં
ફૂટ	કબાટ	સુરવાલ	આપ્યા	બોલ્યો
ત્રીજો	કુતરો	ફૂળીઆના	અડાડયો	પ્રમાણે
શુક્રવાર	દાડમ	ઘાઘરી	દસમું	બોલાવ્યો
છેલ્લો	માટીનાં	ઓઢણી	બેસશે	ઉતર્યા
વિષે	અહીં	ચોકખાઈ	કંસાર	બાદી
રવિવાર	નિશાળીઆ	ચોકખા	કઢી	પીરસ્યા
ગુરુવાર	શિખામણ	ધૂળમાં	વહુ	બબ્બે
મુસલમાન	ઇશ્વર	ઢીલ	બત્રીજો	આશોપાલવ
સનિવાર	જ્ઞાન	ગંદી	કહેવાઉં	શંભુભાઈ

વિના	પ્રાણીઓ	ગરજ્યો	અહીંથી	શિકાર
પીંછા	દુઃખ	આણ્યો	રસ્તામાં	બચ્યું
વધારેલાં	નુકસાન	પૂછ્યું	દુઃખ	દોડાવી
લીંબુ	ખીજ્યા	દેશાઇ	અન્ન	માંડ્યું
નારંગી	માથું	હલકું	ભૂખ્યા	ખૂંદી
લાડુ	ખૂંદાય	વખાણ્યો	ભિખારી	પુરુષને
શેરડી	ખૂંદે	ઊઠ્યો	પૂછ્યું	પરમેશ્વર
બેસીશું	દુઃખ	મશ્કરી	પૈસા	ઉંદરડી
શેતરંજી	ઢોર	પસ્તાઇ	આપ્યા	ભંડારીઉં
પાથરણું	કહ્યું	બચ્ચાં	ઇશ્વરનું	રોટલી
પાંદડાં	ઉપરાંત	બૂમ	વિદ્યા	લાડુ
વાડકો	નક્કી	ખેડુત	ચંદ્ર	બિલાડી
ચટણી	ખૂંદ્યો	છેતર્યો	વીસરૂં	ઉંદરીઉં
તૈયાર	છૂટ્યો	નુકસાન	પ્રભુ	હંમેશાં
જીત્યો	કર્યું	જુઠાણું	અગણિત	કાંઠા
સહવાળી	તૈયાર	જુઠો	ઉજાસને	ફુંફાડા
કાંચળી	સમજ્યો	શિયાળ	અન્ન	ઉડાડી
પરીક્ષા	છૂટશે	દેડકાં	દૂધ	ઉંદર
દેડકાં	મૂકું છું	જુક્તિ	દહીં	ખૂંદી
કહાડો	શાબાશ	સાંભળતાં	ફૂલ	ઠેકાણે
ધડાધડ	ચોપ્પુ	બાંધ્યું	સ્વપ્નું	ચટકા

લીધો	આથમતા	ભણતાં	ભોંયમાં	સીંચ્યાં
ખુલાં	વઢાઈ	સર્વે	હમણાં	ચપ્પુ
આંધળાં	વઢશે	વાજુ	તળાવ	નાખ્યું
તીર્થ	સાદ	ઇશ્વર	ભોવ્યાં	કહાડો
મનસુખો	બચ્ચીઓ	છૂટું	રહ્યાં	ઇંટવાડો
પિતા	ચચ્ચાર	પિલાય	ચોકખી	ખોદતાં
હેતથી	ગાડું	ટોપલામાં	રેલમરેલા	ભઠ્ઠીમાં
સંતાપ	ભર્યાં	ઉપણીએ	ખોડતું	મૂકયો
આશિષ	પહોંચ્યાં	ડુંસા	કાદવ	પિત્તળ
પ્રભુએ	ઉતર્યાં	કોથળીઓ	બિચારા	હથોડા
ચતુરાઇ	ઠાલવ્યો	ચંદ્રમા	પછડાતા	ટીપ્યો
માર્યાં	પટલાણી	ત્યાંસુધી	ધેબરીઓ	જતરડામાં
ઉંડું	ઢગલા	અજવાળું	દેડકે	ટિપાઇ
સૂઝી	ખુશી	પાતળો	ઢેફું	ટિપાય
મટાડી	હોંસીલી	અંધારી	પત્થર	ઓળખાવ્યા
કૃપાઇને	ઉમંગ	ઝગઝગે	પ્યાલુ	ઓછાવત્તા
કુંજનું	વાદળાઓ	ત્રીજો	નીતર્યું	ધાતુઓ
ધીરજ	વાંકું	બેસાડયાં	રસ્તા	સીસું
સૌ	દાતરડું	લાગ્યાં	મટોડી	જસત
પટેલ	ઢગલો	ઢંકાઇ	ડહોળું	નાણું
કુહાડો	હૈયે	મોઢા	ચૂસે	કાઢયા
			ભદ્દા	ઢગલી

પૈસા	દાંડીઓ	ચૂસી	શિખંડ	કર્યો
હણુ	ડાળીઓ	ભેંસ	દૂધપાક	જીવજંતુ
રૂપીઆ	પાંદડાં	હીંડે	બાસુદી	સળેલું
વટાવ્યા	સમજાશે	શીંગડાં	ચશ્મા	આણ્યા
પંદર	ઉખડી	માથું	પ્રાણી	પડીકાં
કુહાડી	ઉંડાં	તૂટી	છેટલી	શીખવ્યું
લક્કડફોડા	મૂળમાંથી	નિરાંતે	પસંદ	પ્યાલાં
ફાટફાટ	ફૂટેલાં	જડબું	દાઢ	હલાવ્યું
ચળકાટ	ટટાર	વગડાઉ	જડબાં	હળદર
કોદાળી	ખુરસી	પત્થર	ઊંઘનાં	જાંબુડો
સાંભળતી	લીલુંછમ	છીટકી	ફૂટતો	ગોદડીઓ
વઢી	ચઢયા	કુદવું	ઘણી	હાલરડું
દુઃખ	પથરાઇ	ગબડયું	પંખી	રસીલા
કયારા	વીંટળાઈ	ચત્તુંપાટ	ડીલે	પઢાવું
ત્રિકોણ	ઉખેડયો	મોઢું	પુછડીઓ	મશરૂની
ગલગોટા	બતાવ્યો	મજબુત	દાંતમાંથી	ચિનાઈ
દાડમ	ટુંકાં	ઠંડું	બચ્ચાં	ફૂલડાં
કાણાંવાળું	દોરડી	દાઝ્યા	જોડાએલાં	બિછાનું
લટકતું	દોરડા	વાસણ	જળકુકડી	હિંચોળું
મધપુડો	ઊંઘમાં	ચોકખું	પોપટ	ઊંઘીને
લીલાંછમ	ગોટલો	જણસો	પાંજરૂં	બાલીશ
વચ્ચે	જન્મ	દહીં	લુચ્ચા	
મુળીઉં				

બાળવર્ગની નોટ બે આના.

પહેલીના અર્થ અઢી આના જેમાં:—અર્થ, કવિતાની સમજુતી, પાઠનો સાર, અઘરા શબ્દો, જોડાક્ષર, ડમ્બેલ્સની ડ્રિલ વગેરે.

બીજીના અર્થ ચાર આના જેમાં:—અર્થ, કવિતાની સમજુતી, પાઠના સવાલ, પાઠનો સાર, ભૂગોળ, પાઠવાર અઘરા શબ્દો, જોડાક્ષર, કડાંની ડ્રિલ વગેરે.

ત્રીજીના અર્થ પાંચ આના જેમાં:—અર્થ, કવિતાની સમજુતી, પાઠના સવાલ, પાઠનો સાર, ભૂગોળના સવાલ, પાઠવાર અઘરા શબ્દો, જોડાક્ષર, કડાંની ડ્રિલ વગેરે.

ચોથીના અર્થ સાડા સાત આના જેમાં:—અર્થ, કવિતાની સમજુતી, તમામ પાઠના સવાલ તથા સાર, અઘરા શબ્દો, જોડાક્ષર, મુંબઇ ઇલાકાની ભૂતળ, ડ્રિલ વગેરે,

પાંચમીના અર્થ આઠ આના જેમાં:—અર્થ, કવિતાની સમજુતી, વ્યુત્પત્તિ, પાઠના સવાલ, પાઠનો સાર, અપૂર્ણાંકના નિયમો, બ્રિટિશ હિંદના રાજકીય ભાગ વગેરે.

છઠ્ઠીના અર્થ નવ આના જેમાં:—શબ્દાર્થ વ્યુત્પત્તિ પ્રમાણે અને રૂઢ બન્ને રીતે, કવિતાનો અન્વય, કવિતાની સમજુતી, પાઠના સવાલ, પાઠનો સાર વગેરે.

સાતમીના અર્થ દશ આના જેમાં:—શબ્દાર્થ વ્યુત્પત્તિ પ્રમાણે અને રૂઢ બન્ને રીતે. કવિતાનું વિવરણ—સ્ફુરીકરણ, પાઠના સવાલ, કવિતામાં આવેલા ભકતોની ઓળખાણ વગેરે.

કન્યા વાચનમાળા પુસ્તક ૧ લાના અર્થના ૪ આના
કન્યા વાચનમાળા પુસ્તક ૨ જાના ,, ૫ આના
કન્યા વાચનમાળા પુસ્તક ૩ જાના ,, ૭ આના

ત્રિવેદિ વાચનમાળા સાતે પુસ્તકોના અર્થો તૈયાર છે.

છગનલાલ મોતીરામ શાહ શાહપોર—સુરત.

છગનલાલ મોતીરામ શાહ કૃત પુસ્તકો.

"ડિકટેશન શિક્ષક"માં શું શું છે ? ? ?

૧) પાઠવાર અઘરા શબ્દો. ૨) જોડણીના એકજ સરખા નિયમવાળા શબ્દો. ૩) કઠિન મળતા શબ્દોની તારવણી. ૪) જોડાક્ષર. ૫) મળતા જોડાક્ષર. ૬) પરીક્ષાના ડિકટેશનમાં આવનાર શબ્દો.

"ડિકટેશન શિક્ષક"

બાળપોથીનો	૦-૨-૦	ત્રીજીનો	૦-૩-૦
પહેલીનો	૦-૨-૬	ચોથીનો	૦-૪-૦
બીજીનો	૦-૩-૦	પાંચમીનો	૦-૪-૦

કન્યા વાચનમાળા પુસ્તક ૧ લાનો ૦-૩-૦
ત્રિવેદિ વાચનમાળા પુસ્તક ૧ લાનો ૦-૩-૦

"મુખગણિત શિક્ષક"

બાળવર્ગનો	૦-૧-૬	ત્રીજા ધોરણનો	૦-૨-૬
પહેલા ધોરણનો	૦-૧-૯	ચોથા ધોરણનો	૦-૪-૦
બીજા ધોરણનો	૦-૨-૦	પાંચમા ધોરણનો	૦-૪-૦

"ભૂગોળ શિક્ષક"

સુરત શહેરનો ૦-૩-૦
સુરત જિલ્લાનો ૦-૩-૦

ભૂગોળની "પ્રશ્નોત્તરમાળા"

ગુજરાતની સા. ભૂગોળની ૦-૩-૦ | મુંબઈ ઈ. ભૂગોળની ૦-૪-૬
હિંદુસ્તાનની સામાન્ય ભૂગોળની ૦-૪-૦

સુંદરજી કૃત નવી પહેલીના અર્થ બે આના.

બીજા ધોરણ માટે "અંકગણિતનાં મનોયત્ન" પાંચ આના.

છગનલાલ મોતીરામ શાહ.

"મુખગણિત શિક્ષક" વગેરેના કર્તા. શાહપોર—સુરત.